હેમચંદ્રાચાર્ય ઉત્તર ગુજરાત યુનિવર્સિટીનું પાક્ષિક વૃત્તપત્ર

# ઉદીચ્ય

સળંગ અંક : ૮૮૪, વર્ષ : ૩૭, અંક : ૧૩
૦૧-જુલાઈ, ૨૦૨૬

HNGU HEMCHANDRACHARYA NORTH GUJARAT UNIVERSITY, PATAN
Re-Accredited "B" 2.21 CGPA by NAAC

સૌજન્ય : શ્રી સિધ્ધહેમ પ્રકાશન નિધિ : શ્રી ભોગીલાલ લહેરચંદ કૌટુંબિક ટ્રસ્ટ તથા શ્રી પાટણ જૈનમંડળ, મુંબઈ

જ્ઞાન મનુષ્યના સર્વતોમુખી વિકાસનું સાધન છે. સમાજમાં જ્ઞાનવાન વ્યક્તિને વધારે સુખી અને સંતોષી માનવામાં આવે છે. સમાજનો એક વર્ગ ભણેલોગણેલો હોય અને બીજો મૂઢતાગ્રસ્ત હોય, તો તે સમાજ દુઃખી હશે. જ્ઞાનનો ઉદ્દેશ માનવમાત્રને એક સ્તર પર લાવવાનો છે. કાર્ય થોડું કઠિન અવશ્ય છે, પરંતુ તેનું મહત્ત્વ ઘણું વધારે છે. આજની સ્થિતિમાં જ્ઞાનને સર્વોચ્ચ દાન માનીએ તો તે સર્વથા યોગ્ય જ છે.

જ્ઞાનદાન મનુષ્યને સન્માર્ગ તરફ લઈ જવા માટે કરવામાં આવે છે. આથી એ અન્ય દાન કરતાં વધારે સાર્થક છે.

અખંડ જ્યોતિ

## આદિવચન

**પ્રિય વાચક મિત્રો,**

શિક્ષણ એ માનવજીવનનો આધારસ્તંભ છે. વ્યક્તિત્વ અને ચારિત્ર્ય નિર્માણ થકી સમાજ રાષ્ટ્રમાં સકારાત્મક પરિવર્તન લાવવાનું કામ શિક્ષણ થકી સંભવ બને છે. શિક્ષણ થકી શિક્ષિત સમાજ બને છે અને શિક્ષિત સમાજમાં અંધશ્રધ્ધા, કુરિવાજો, ભેદભાવ વગેરે ના જોવાતા એકતા અને સમાનતાની ભાવના જોવા મળે છે. ઉત્તમ રાષ્ટ્રના નિર્માણ માટે, જીવન જીવવાની સાચી કળા માટે શિક્ષણ અનિવાર્ય છે.

બાળકના જન્મથી લઈ માતા–પિતા દ્વારા આપવામાં આવતું અને શાળા–કોલેજો દ્વારા આપવામાં આવતું શિક્ષણ એ નાગરિક ઘડતર કરવાનું કામ કરે છે. શિક્ષણ મેળવવા માટે અક્ષરજ્ઞાન મેળવવુ વાંચન કરવુ ખૂબ જ અગત્યનું છે. હાલના સમયમાં આંગળીના ટેરવે માહિતી ઉપલબ્ધ થતાં વાંચન ક્ષમતામાં ખૂબ મોટા પ્રમાણમાં ઘટાડો જોવાય છે. લોકોમાં ખાસ કરીને યુવા પેઢી અને વિદ્યાર્થીઓમાં વાંચનટેવ વિકસે તે માટે ગુજરાત સ્થાપનાના સુવર્ણ જયંતિ વર્ષની ઉજવણીના ભાગરૂપે ગુજરાતના તત્કાલિન મુખ્યમંત્રી શ્રી નરેન્દ્રભાઈ મોદી એ ૨૦૧૦માં વાંચે ગુજરાત અભિયાન શરૂ કર્યું હતું. વાંચન સંસ્કૃતિનો વિકાસ થાય ટેકનોલોજી અને સોશિયલ મીડિયાના યુગમાં પુસ્તકો પ્રત્યેનો પ્રેમ પાછો ફરે, દરેક નાગરિક વૈચારિક રીતે સમૃધ્ધ અને જ્ઞાનવાન બને સાથે સાથે શાળા, કોલેજ અને ગામડાના પુસ્તકાલયો સમૃધ્ધ બને અને વાંચનટેવ વિકસિત થાય તેવા ઉદ્દેશ્યથી આ અભિયાન શરૂ કરવામાં આવ્યુ હતું. આ અભિયાનને કારણે ગુજરાતની શાળાઓ અને ગ્રંથાલયો પુસ્તકોથી સમૃધ્ધ તો થયા જ છે, સાથે સાથે વાંચન અભિરૂચિમાં પણ વધારો થયો છે.

પુસ્તકોના મહત્ત્વ અને વાંચનની સંસ્કૃતિને પ્રોત્સાહિત કરવા કેરળમાં સાક્ષરતાનો દર વધારવા અને ગામે ગામ ગ્રંથાલયો શરૂ કરવા માટે પોતાનું જીવન સમર્પિત કરનાર, ગ્રંથાલય ચળવળના જનક ગણાતા પી.એન.પાણીકરની પુણ્યતિથિ નિમિત્તે એટલે ૧૯મી જૂનના રોજ રાષ્ટ્રીય વાંચન દિવસની ઉજવણી કરવામાં આવે છે. કોઈપણ ક્ષેત્રે આગળ વધવા માટે વાંચન કરવું ખૂબ જ જરૂરી છે.

વાંચન કરવાથી મગજ સક્રિય રહેવાથી યાદશક્તિમાં વધારો થાય છે. પુસ્તકો દુનિયાભરના ઈતિહાસ, વિજ્ઞાન, સંસ્કૃતિ અને માનવ સ્વભાવથી પરિચિત કરાવે છે. વાંચન કરવાથી માનસિક થાક, તણાવ ઓછો થાય છે અને શાંતિ મળે છે. નિયમિત વાંચનથી આપણું શબ્દભંડોળ સમૃધ્ધ થાય અને અભિવ્યક્તિમાં સુધારો થાય છે. રાષ્ટ્રીય વાંચન દિવસ એ ડિજીટલ યુગમાં સોશિયલ મીડિયા અને સ્માર્ટફોનના ઉપયોગથી પુસ્તકોથી વધી રહેલા અંતરને દૂર કરી ફરીથી પુસ્તકો તરફ વળવાનો સંદેશ આપે છે.

જીવનમાં આવતા ઉતાર–ચઢાવનો સામનો કરવાની હિંમત, સ્વભાવમાં ગંભીરતા અને પરિપકવતા આવે, આત્મ વિશ્વાસમાં વધારો અને ગમે તેવા માહોલમાં પણ પોતે રજૂઆત કરી શકવા વાંચન થકી સક્ષમ બને છે. દુનિયાભરના મહાન વ્યક્તિઓ વાંચન થકી જ પોતાને દરેક ક્ષેત્રમાં ઉજાગર કરે છે તે નિર્વિવાદ બાબત છે. ટૂંકમાં જેમ શરીરને સ્વસ્થ રાખવા માટે કસરત જરૂરી છે તેમ મગજને સક્રિય અને જીવંત રાખવા માટે 'વાંચન' પણ તેટલું જ જરૂરી છે. સાહિત્યિક વાંચન વૈચારિક અને માહિતીપ્રદ તેમજ આધ્યાત્મિક અને પ્રેરણાદાયી જેવા વાંચનના વિવિધ પ્રકારોનું દરેક નાગરિકે પોતાની વાંચન ભૂખ અનુસાર વાંચન કરી જ્ઞાન સભર બનવું જ રહ્યું. આજના દિવસે આપણે સૌ જ્ઞાનના આ દીપને સદાય પ્રજવલિત રાખવાનો સંકલ્પ કરીએ એ જ અભ્યર્થના.

તા. ૦૧-૦૭-૨૦૨૬
પાટણ.

પ્રો. ડૉ. કિશોરકુમાર પોરિયા
કુલપતિ

# કૉલેજ ન્યુઝ

## ઉજવણી



❊ શ્રીમતી આનંદીબેન શંકરભાઈ ચૌધરી મહિલા આર્ટસ એન્ડ હોમ સાયન્સ કૉલેજ,મહેસાણાના એન.એસ.એસ વિભાગ અને ઉચ્ચ શિક્ષણ નોડલ અધિકારીશ્રીની કચેરી મહેસાણા દ્વારા દર વર્ષે ફેબ્રુઆરી મહિનાના બીજા મંગળવારે 'સુરક્ષિત ઈન્ટરનેટ દિવસ' ઉજવાય છે. આ વર્ષે ૨૦૨૬ ની થીમ સ્માર્ટ ટેક, સલામત પસંદગીઓ, AI ના સલામત અને જવાબદાર ઉપયોગનુ અન્વેષણ હતી. આ પ્રસંગે જિલ્લા માહિતી વિજ્ઞાન અધિકારી અને વૈજ્ઞાનિક તથા રાષ્ટ્રીય માહિતી વિજ્ઞાન કેન્દ્ર અને માહિતી સંચાલન મંત્રાલય, ભારત સરકારના અધિકારી જયસિંહ ચૌહાણે 'સુરક્ષિત ઈન્ટરનેટ દિવસની' માહિતી આપી તથા ઉચ્ચ શિક્ષણ નોડલ અધિકારી જિજ્ઞાસાબેન પટેલે વિદ્યાર્થિનીઓને ઈન્ટરનેટના સલામત ઉપયોગ વિશે વાત કરી. કાર્યક્રમના અન્ય વક્તા પ્રોફેસર સાહિલભાઈ જોશી એ પોતાના વ્યાખ્યાનમાં ઈન્ટરનેટમાં શું ધ્યાન રાખવું, તેના સુરક્ષિત વિકલ્પો, AI આપણને શું મદદ કરે છે, Youtube વગેરેની વિશેષ માહિતી આપી વિદ્યાર્થિનીઓને સાયબર સલામતી અંગે જાગૃત કરી હતી.



❊ આર્ટ્સ એન્ડ કોમર્સ કૉલેજ, રાધનપુરના ૩૪મા વાર્ષિકોત્સવ 'ટેલેન્ટ–૨૦૨૬'ની શાનદાર ભવ્ય ઉજવણી કરવામાં આવી હતી. સાથે લો કૉલેજ, બી.એડ કૉલેજ તથા બી.એસ.સી. કૉલેજનો કાર્યક્રમ પણ યોજાયો હતો. પ્રિ.ડૉ. સી.એમ. ઠક્કરે મહેમાનોને આવકારી સ્વાગત પ્રવચન કર્યું હતું. પ્રમુખ ડૉ. મહેશભાઈ મુલાણીએ અધ્યક્ષીય ઉદ્‌બોધનમાં વિદ્યાર્થીનો વ્યક્તિત્વ વિકાસમાં આવા કાર્યક્રમોની ઉપયોગીતા દર્શાવી હતી. આ વાર્ષિકોત્સવમાં વિદ્યાર્થીઓ દ્વારા લોક નૃત્ય, અર્વાચીન–નૃત્ય ડાન્સ, નાટક–અભિનય, ગુજરાતી–હિન્દી ગીતો, યોગા–પિરામિડ તથા લાઠીદાવ જેવા આકર્ષક કાર્યક્રમો રજૂ કર્યા હતા. આ વાર્ષિકોત્સવનું આયોજન સમિતિના કન્વીનર ડૉ. ભરતભાઈ કાનાબારે સુંદર આયોજન કર્યું હતું. આ કાર્યક્રમમાં ભાગ લેનાર વિદ્યાર્થીઓને ઈનામથી નવાજવામાં આવ્યા હતા. વાર્ષિકોત્સવમાં હિંમત વિદ્યાનગર સ્થિત લૉ કૉલેજ, બી.એડ્. કૉલેજ, બી.સી.એ. કૉલેજના વિદ્યાર્થીઓ, સર્વે સ્ટાફમિત્રો સાથે મંડળના પદાધિકારીઓ જોડાયા હતા.

## એન.એસ.એસ.



❊ એમ.એ.પરીખ ફાઈન આર્ટ્સ એન્ડ આર્ટ્સ કૉલેજ, પાલનપુર NSS વિભાગ અંતર્ગત તા. ૨૮ જાન્યુ. થી ૩ ફેબ્રુઆરી, ૨૦૨૬ સાત દિવસ વિવિધ પ્રકારના કાર્યક્રમો યોજાયા હતા. 'મારું ગામ સહકારથી સમૃદ્ધિ તરફ' જેવા સૂત્રના સહયોગથી મોરિયા ગામમાં 'ગ્રામજન જાગૃતિ શિબિર' યોજાઈ, જેમાં ઉદ્‌ઘાટન સમારોહમાં ડૉ. રમેશકુમાર પટેલે ઉદેશો અને સામાજિક જવાબદારીઓ અંગે માર્ગદર્શન આપ્યું હતું. સામાજિક સર્વે લોક સંપર્ક સ્વયંસેવકો દ્વારા કરવાની સાથે ગ્રામજનોની ભાગીદારીથી રંગોળી સ્પર્ધા મહેંદી સ્પર્ધા યોજાઈ હતી. પાટણ યુનિવર્સિટીમાંથી આવેલા એન.એસ.એસ.ના કો–ઓર્ડીનેટર કે.કે ઠક્કરે ઉપસ્થિત રહીને સ્વયંસેવકોને સ્વ– જવાબદારીઓ અને સામાજિક સેવા અંગે અમૂલ્ય માર્ગદર્શન આપ્યું હતું. સોશિયલ મીડિયા અવરનેસ વિષય પર વિશેષ વ્યાખ્યાનનું આયોજન કરવામાં આવ્યું હતું. વિવિધ સાંસ્કૃતિક કાર્યક્રમો, મેડિકલ કેમ્પ, પ્રાકૃતિક ખેતી અંગે જાગૃતતા જેવા સમાજલક્ષી કાર્યક્રમ શિબિર દરમ્યાન કરવામાં આવ્યા હતા. નશામુક્તિ, મનોરંજન અને લોકોમાં જાગૃતિ આવે તે માટે નાટક અને રસપ્રદ વ્યાખ્યાનનું પણ આયોજન કરવામાં આવ્યું હતું. આ સમગ્ર કાર્યક્રમમાં કૉલેજના આચાર્યશ્રી તથા સર્વે સ્ટાફગણ, ગામના સરપંચ તથા અન્ય હોદ્દેદારો, ડેરીના મંત્રીશ્રી સહિત અનેક મહાનુભાવોનો સહકાર સાંપડ્યો હતો.




❊ શ્રી આદર્શ કૉલેજ, દિયોદર ખાતે તા. ૫–૨–૨૦૨૬ના રોજ એન.એસ.એસ.નો વાર્ષિક શિબિર ઉદ્‌ઘાટન કાર્યક્રમ યોજાયો. જેમાં

કાર્યક્રમના અધ્યક્ષ અને પૂર્વ ધારાસભ્ય શિવાભાઈ ભુરીયા, મુખ્ય મહેમાનોમાં જાડા ગામના સરપંચ અમીભાઈ દેસાઈ, ડે.સરપંચ રામભાઈ જોશી, પૂર્વ ડે.સરપંચ ઠાકોર જુહાજી, SMCના અધ્યક્ષ દેવાભાઈ ચૌધરી, પ્રિ.ડૉ. ભગવાનભાઈ ચૌધરી, જાડા હાઈસ્કુલના શિક્ષક દિલીપભાઈ જોશી, પ્રાથમિક શાળાના આચાર્ય વિનોદભાઈ ઠાકોર, શાળાના શિક્ષકો, કૉલેજ સ્ટાફ અને વિદ્યાર્થીઓ મોટી સંખ્યામાં હાજર રહ્યા હતા. શાળાના આચાર્ય વિનોદભાઈ ઠાકોર દ્વારા જાડા ગામની શાળાની વિકાસની વાત કરી, પ્રિન્સીપાલશ્રીએ સામાજિક દૂષણો, લાલચ, લાલસા અને મોબાઈલ જેવી બદીઓથી બચવા યુવકોને કેન્દ્રિત કરી જાગૃત કર્યા. સરપંચ અમીભાઈ દેસાઈએ પણ ગામની પસંદગી માટે સંસ્થાનો આભાર વ્યક્ત કર્યો હતો. અધ્યક્ષ શિવાભાઈ ભુરીયાએ યુવાનોને કેન્દ્રમાં રાખી ચરસ, ડ્રગ્સ જેવા નશીલા પદાર્થોના સેવનથી બચવા પુસ્તકનું વાંચન કરવા અનુરોધ કર્યો હતો. કૉલેજની બહેનો દ્વારા સાંસ્કૃતિક પ્રવૃત્તિઓ રજૂ કરી કાર્યક્રમને રમણીય બનાવ્યો હતો.

## કાર્યક્રમ



❊ એમ.એ.પરીખ ફાઈન આર્ટ્સ એન્ડ આર્ટ્સ કૉલેજ પાલનપુરમાં એન.એસ.એસ.વિભાગ અને મહિલા સેલ અંતર્ગત બનાસ મેડીકલ કૉલેજ અને જનરલ હોસ્પિટલ ના સંયુક્ત ઉપક્રમે 'કેન્સર જાગૃતિ' કાર્યક્રમનું આયોજન કરવામાં આવ્યું હતું. આ કાર્યક્રમમાં બનાસ મેડીકલ કૉલેજના વિદ્યાર્થીઓએ સ્કીટ દ્વારા ગળાનું કેન્સર, ફેફસાનું કેન્સર, સ્તન કેન્સર,ગર્ભાશયના મુખનું કેન્સર જેવાં વિષય પર જાગૃતિ ફેલાવવા રજૂઆત કરી હતી અને ડૉ. દિનેશભાઈ ચૌધરીએ પ્રેઝન્ટેશન દ્વારા વિદ્યાર્થીઓને માહિતી આપી હતી.



❊ શ્રીમતી આર.આર.એચ. પટેલ મહિલા આર્ટ્સ કૉલેજ વિજાપુરના NSS વિભાગ દ્વારા રોડ સેફટી જાગૃતિ કાર્યક્રમનું આયોજન કરવામાં આવ્યું. જેમાં કૉલેજના પ્રિ.એસ.એસ. પટેલે વર્ષ દરમિયાન થતા જુદા જુદા રોડ અકસ્માતોની માહિતી આપી રોડ અકસ્માતથી કઈ રીતે બચી શકાય તેની વિસ્તૃત માહિતી આપી હતી. તથા જુદા જુદા વાહનો ચલાવતી વખતે હેલ્મેટનો ઉપયોગ કરવો, સીટબેલ્ટનો ઉપયોગ કરવો, ગતિ મર્યાદાના નિયમોનું પાલન કરવું મોબાઈલનો ઉપયોગ ન કરવો જેવી બાબતો ઉપર માર્ગદર્શન આપ્યું હતું. પ્રા.ડૉ. પી. એમ. પ્રજાપતિએ ટ્રાફિક સિગ્નલ અને ઝેબ્રા ક્રોસિંગ નિયમોનું પાલન કરવાની જરૂરિયાત પર ભાર મુક્યો હતો. તથા માર્ગ અકસ્માત સમયે પ્રાથમિક અને તાત્કાલિક સારવાર અંગે માર્ગદર્શન આપ્યું હતું.



❊ શ્રીમતી કાન્તાબેન કીર્તિલાલ શાહ આર્ટ્સ અને શ્રીમતી લીલાવતીબેન બાપુલાલ ગુંજારિયા કોમર્સ કૉલેજ, થરાના એન.એસ.એસ. વિભાગ અને અપરાજિતા ફાઉન્ડેશન દ્વારા પા પા પગલી પ્રોગ્રામ હેઠળ કૉલેજના વિદ્યાર્થીઓ માટે તા.૫–૨–૨૦૨૬ ના રોજ લાઈફ સ્કીલ કાર્યક્રમ યોજવામાં આવ્યો હતો. આ પ્રોગ્રામમાં અપરાજિતા ફાઉન્ડેશનમાંથી પધારેલ મિહિરભાઈ શુક્લ ઉપસ્થિત રહી સમગ્ર વિદ્યાર્થીઓને લાઈફ સ્કીલ અંગે માહિતગાર કર્યા હતા. તેમણે વિવિધ વિડીઓ લેક્ચર દ્વારા વિદ્યાર્થીઓને ધ્યાન કેવી રીતે કેન્દ્રિત કરી શકાય તેમજ ક્રિએટિવ કન્ટેન્ટની પણ વિસ્તૃત માહિતી આપી હતી. પ્રિ.ડૉ. દિનેશ ચારણે વિદ્યાર્થીઓને ટાઈમ મેનેજમેન્ટ અંગે પણ ઊંડાણપૂર્વક માહિતી આપી હતી. સંપૂર્ણ પ્રોગ્રામનું સફળ સંચાલન એન.એસ.એસ. પ્રોગામ ઓફિસર ડૉ. ગૌરવ શ્રીમાળી અને ડૉ. રામ સોલંકી એ કર્યું હતું.



❊ શ્રીમતી આનંદીબેન શંકરભાઇ ચૌધરી મહિલા આર્ટ્સ એન્ડ હોમ સાયન્સ કૉલેજ, ઊંઝાના મનોવિજ્ઞાન વિભાગ દ્વારા તા. ૭–૨–૨૦૨૬ ના રોજ વિદ્યાર્થીઓના માનસિક સ્વાસ્થ્ય, સામાજિક જોડાણ અને ભાવનાત્મક સુખાકારીને પ્રોત્સાહન આપવા માટે 'Eating Together - Healing Together' નો અનોખો માનસિક સ્વાસ્થ્યનો કાર્યક્રમ યોજાયો. જેમાં કૉલેજની વિદ્યાર્થિનીઓ તેમજ સ્ટાફે પોતાના ઘરેથી લાવવામાં આવેલ ટિફિન સાથે એકસાથે બેસી ભોજન લીધું આ સહભોજન પ્રવૃત્તિનો મુખ્ય હેતુ વિદ્યાર્થીઓમાં પરસ્પર સન્માન સહાનુભૂતિ, સમાનતા, મિત્રતા અને સામાજિક

જોડાણની ભાવનાને મજબૂત કરવાનો હતો. સાયકોલોજી વિભાગના પ્રાધ્યાપકો દ્વારા વિદ્યાર્થિનીઓને સમજાવવામાં આવ્યું હતું કે એકસાથે જમવાનું માનસિક તણાવ ઘટાડવામાં, એકલતાની લાગણી દૂર કરવામાં અને ભાવનાત્મક આરોગ્ય સુધારવામાં મદદરૂપ બને છે.



❊ મણિબેન એમ. પી. શાહ મહિલા આર્ટ્સ કૉલેજ, કડીના એન.એસ.એસ. વિભાગ દ્વારા તા. ૪–૨–૨૦૨૬ના રોજ સમાજમાં મહિલાઓના આરોગ્ય અંગે જાગૃતિ ફેલાવવાના હેતુથી કેન્સર જાગૃતિ અભિયાન કાર્યક્રમનું આયોજન કરવામાં આવ્યું હતું. નિધીબેન પટેલે ગર્ભાશય કેન્સર અંગે વિસ્તૃત માર્ગદર્શન આપ્યું હતું. તેમણે જણાવ્યું હતું કે ગર્ભાશય કેન્સર મહિલાઓમાં જોવા મળતો એક ગંભીર રોગ છે, પરંતુ જો સમયસર તેની ઓળખ થાય તો તેનું સફળતાપૂર્વક નિવારણ અને સારવાર શક્ય છે. તેમણે નિયમિત પેપ સ્મિયર ટેસ્ટ, HPV રસીકરણ અને સમયાંતરે આરોગ્ય તપાસનું મહત્વ સમજાવ્યું હતું. તેમણે વધુમાં જણાવ્યું હતું કે, 'જાગૃતિ જ બચાવ છે. મહિલાઓ પોતાનું આરોગ્ય પ્રાથમિકતા બનાવે અને નિયમિત તપાસ કરાવે તો ગર્ભાશય કેન્સર સામે અસરકારક રીતે લડી શકાય.'




❊ મણિબેન એમ.પી.શાહ મહિલા આર્ટ્સ કૉલેજ, કડીના કવચ કેન્દ્ર દ્વારા તા. ૬–૨–૨૦૨૬ના રોજ સાયબર સુરક્ષા અંગે જાગૃતિ લાવવા માટે સાયબર ક્રાઇમ પોલીસ સ્ટેશન મહેસાણા ખાતે એક માહિતીસભર કાર્યક્રમનું આયોજન કરવામાં આવ્યું હતું. આ કાર્યક્રમ અંતર્ગત કૉલેજની વિદ્યાર્થીનીઓને મહેસાણા મુકામે સાઈબર સિક્યુરિટી સંબંધિત મહત્ત્વપૂર્ણ માહિતી આપવામાં આવી હતી. કાર્યક્રમ દરમિયાન સાયબર ગુનાઓ, ઓનલાઈન છેતરપિંડી, સોશિયલ મીડિયા પર સાવચેતી, પાસવર્ડ સુરક્ષા તથા ડિજિટલ સલામતી જેવા વિષયો પર વિસ્તૃત માર્ગદર્શન આપવામાં આવ્યું હતું. આ માહિતી સાયબર ક્રાઇમ પોલીસ સ્ટેશન, મહેસાણાના આસિસ્ટન્ટ સબ–ઈન્સ્પેક્ટર શ્રી જગદીશભાઈ ચૌધરી દ્વારા આપવામાં આવી હતી, જેમણે સરળ ભાષામાં વિદ્યાર્થીનીઓને સાઈબર સિક્યુરિટીના વિવિધ પાસાઓ સમજાવ્યા હતા. કાર્યક્રમ દરમિયાન વિદ્યાર્થીઓએ પ્રશ્નોત્તરી સત્રમાં ઉત્સાહપૂર્વક ભાગ લીધો અને વાસ્તવિક ઉદાહરણો દ્વારા સાયબર સુરક્ષાનું મહત્વ સમજી શક્યા. આ શૈક્ષણિક મુલાકાત વિદ્યાર્થીઓ માટે અત્યંત ઉપયોગી અને જ્ઞાનવર્ધક સાબિત થઈ હતી.



❊ શ્રી કે.આર. કટારા આર્ટસ કૉલેજ, શામળાજી ખાતે 'વેલ્યુ એજ્યુકેશન' (મૂલ્ય શિક્ષણ) અંતર્ગત એક વિશિષ્ટ અને પ્રયોગશીલ કાર્યક્રમનું આયોજન કરવામાં આવ્યું હતું. કાર્યક્રમમાં મુખ્ય વક્તા તરીકે ઉપસ્થિત સંસ્કૃત વિભાગના ડૉ. સંજય પંડ્યાએ આધુનિક દ્રશ્ય–શ્રાવ્ય (Audio-Visual) માધ્યમોનો ઉત્તમ વિનિયોગ કર્યો હતો. તેમણે માત્ર વ્યાખ્યાન આપવાને બદલે વિદ્યાર્થીઓ સમક્ષ પ્રેરણાદાયી વાર્તાઓના વિડિયો પ્રદર્શિત કર્યા હતા. આ વીડિયો દ્વારા મૂલ્ય શિક્ષણને જીવંત અને રસપ્રદ શૈલીમાં રજૂ કરવામાં આવ્યું હતું, જેની વિદ્યાર્થીઓના માનસપટલ પર ઊંડી અસર જોવા મળી હતી.માત્ર વિડિયો પ્રદર્શન જ નહીં, પરંતુ ત્યારબાદ ડૉ. પંડ્યા દ્વારા આયોજિત પ્રશ્નોત્તરી (Interactive Session) કાર્યક્રમનું મુખ્ય આકર્ષણ રહી હતી. વિદ્યાર્થીઓએ નિહાળેલી વાર્તાઓમાંથી કેવા પ્રકારના જીવનમૂલ્યો શીખવા મળે છે, તેની તાર્કિક અને રસપ્રદ ચર્ચા કરવામાં આવી હતી. આ નવતર પ્રયોગ દ્વારા વિદ્યાર્થીઓમાં રહેલી આંતરિક શક્તિઓ અને નૈતિક સમજને ઉજાગર કરવાનો પ્રયાસ કરવામાં આવ્યો હતો.



❊ મણિબેન એમ. પી. શાહ મહિલા આર્ટ્સ કૉલેજ, કડીના Innovation Club અને Start up Club દ્વારા તા. 30 અને ૩૧ જાન્યુઆરી ૨૦૨૬ના રોજ Innovation Training Program નું આયોજન કરવામાં આવેલ. પ્રોગ્રામના ટ્રેઈનર તરીકે ન્યુરોએજ એજ્યુકેશન સંસ્થા અમદાવાદના ડાયરેકટર અને ફાઉન્ડર નંદની રાજવાણી હાજર રહ્યા હતા. આ બે દિવસના પ્રોગ્રામમાં વિદ્યાર્થિનીઓને Design Thinking, Critical Thinking, Innovative Ideas વિષય પર તાલીમ આપવામાં આવી હતી. નવું start-up કઈ રીતે કરી શકાય. કોઈ પણ વ્યવસાયમાં નિષ્ફળતાનો ડર કાઢી સફળતા મોડી મળે તો સમાધાન કઈ રીતે કરવાનું જેવા વિષય પર Lecture, Activity, Group discussion, Interaction વગેરે method થી વિદ્યાર્થિનીઓને તાલીમ આપવામાં આવેલ હતી.



❊ શ્રીમતી આનંદીબેન શંકરભાઇ ચૌધરી મહિલા આર્ટ્સ એન્ડ હોમ સાયન્સ કૉલેજ, મહેસાણામાં એન્ટીરેગિંગ સેલ દ્વારા પોશ એક્ટ અંતર્ગત વડાપ્રધાનશ્રીના નેતૃત્વ હેઠળ ભારતની વિકાસયાત્રા તેમજ નારી સશક્તિકરણના પ્રેરણાદાયી વિડીયો વિદ્યાર્થિનીઓને બતાવવામાં આવ્યો હતો. તેમજ જાતીય સતામણી વિષય અંતર્ગત વકતૃત્વ સ્પર્ધાનું આયોજન કરવામાં આવેલ. જેમાં પ્રથમ ક્રમે બંસરી જયસ્વાલ, દ્વિતીય ક્રમે સુહાની રબારી અને તૃતીય ક્રમે સાનિયા રંગરેજ વિજેતા રહ્યા હતા. કાર્યક્રમના અંતે વિદ્યાર્થિનીઓને તેમના હક અને સન્માન અન્વયે પ્રતિજ્ઞા લેવડાવવામાં આવી હતી.

## ગૌરવ



❊ એમ.એ. પરીખ ફાઈન આર્ટ્સ એન્ડ આર્ટ્સ કૉલેજ, પાલનપુરના ભુતપૂર્વ વિદ્યાર્થી સુથાર રીતિક વિજયકુમાર એ ભારતીય સેનાના CRPF ( કેન્દ્રીય રિઝર્વ પોલીસ ફોર્સ ) વિભાગમાં પોતાની કઠિન અને શિસ્તબદ્ધ ટ્રેનિંગ સફળતાપૂર્વક પૂર્ણ કરી ભારતીય સેનામા જોડાયેલ છે. તેઓએ POP (પાસિંગ આઉટ પરેડ) દરમિયાન કુલ ૧૬૭ કેડેટ માંથી 'બેસ્ટ કેડેટ ઇન ડ્રીલ' નો એવોર્ડ પ્રાપ્ત કરીને પોતાના પરિવાર અને સમગ્ર વિસ્તારનું ગૌરવ વધાર્યુ છે. તેમની આ સિદ્ધિથી શહેરના યુવાનોમાં સેનામાં જોડાવા માટે નવો જોશ અને પ્રેરણા જાગી છે.



❊ શ્રીમતી આર. એમ. પ્રજાપતિ આર્ટસ કૉલેજ, સતલાસણાના એન.એસ.એસ.ના બે વિદ્યાર્થીઓ તથા એક અધ્યાપક થરાદ મુકામે યોજાયેલ રાજ્ય લેવલના ધ્વજવંદન કાર્યક્રમમાંની પરેડમાં સમગ્ર રાજ્યમાંથી એન.એસ.એસ.ના ૩૫ વિદ્યાર્થીઓની પસંદગી પૈકી કૉલેજના વિદ્યાર્થી વારીસ પરસાણી તથા વર્ષાબા પરમાર તથા આ પ્લાટુનના ટીમ મેનેજર તરીકે પ્રો.ડૉ. શૈલેષ જોષીની પસંદગી થઇ હતી. તા.૧૫ થી ૨૬ જાન્યુઆરી, ૨૦૨૬ દરમિયાન થરાદ મુકામે રહી પ્રજાસત્તાક દિન માટેની તાલીમ તથા ૨૬ મી જાન્યુઆરીએ તેઓ ધ્વજવંદન કરી પરત ફર્યા હતા.

## તાલીમ



❊ શ્રી ત્રિકમજીભાઈ ચતવાણી આર્ટ્સ એન્ડ જે.વી. ગોકળ ટ્રસ્ટ કોમર્સ કૉલેજ, રાધનપુર એન્ટરપ્રિનરશીપ સેલ અને કેસીજી દ્વારા આયોજિત તા. ૨ થી ૬ ફેબ્રુઆર ૨૦૨૬ એમ પાંચ દિવસની ઉદ્યોગ સાહસિકતાની ટ્રેનિંગમાં પ્રિ.ડૉ. સી.એમ.ઠક્કરના માર્ગદર્શન હેઠળ ૧૦ વિદ્યાથીઓ જોડાયા હતા. આ ટ્રેનિંગમાં વિદ્યાર્થીઓએ ઉદ્યોગને લગતા વિવિધ પાસાઓ અને નવો ઉદ્યોગ શરૂ કરવા માટે માર્ગદર્શન મેળવ્યું હતું. કો–ઓર્ડીનેટર ડૉ. ભાવનાબેન બોસમીયા અને ડૉ. જશવંતભાઈ માજીરાણાના નેજા હેઠળ વિદ્યાર્થીઓના વ્યાવહારિક જ્ઞાનમાં વધારો થાય તથા ઉદ્યોગ અને વ્યવસાય ક્ષેત્રની વાસ્તવિક સમજ વિકસે તે હેતુથી કરાવવામાં આવી હતી. ઉદ્યોગ ક્ષેત્રમાં થતા નવીન પ્રયોગો અને સંશોધન વિશે જાણીને વિદ્યાર્થીઓને નવી વિચારણા અને નવીન વ્યવસાયિક વિચાર પ્રેરણારૂપ બન્યાં હતા.



❊ શ્રીમતિ કે.કે. શાહ આર્ટ્સ અને શ્રીમતિ એલ.બી. ગુંજારિયા કોમર્સ કૉલેજ, થરાના ૧૦ વિદ્યાર્થીઓએ પ્રિ.ડૉ. ડી.એસ. ચારણના માર્ગદર્શન હેઠળ જી.ડી. મોદી કેમ્પસ, પાલનપુર ખાતે સરકાર દ્વારા આયોજિત પાંચ દિવસીય ઉદ્યોગ સાહસિકતા તાલીમ કાર્યક્રમમાં ભાગ લીધો હતો. આ તાલીમનો મુખ્ય હેતુ વિદ્યાર્થીઓમાં ઉદ્યોગ સાહસિકતા પ્રત્યે જાગૃતિ લાવવી વ્યવસાયિક કુશળતાઓ વિકસાવવી તથા વ્યવસાય શરૂ કરવા માટેની પ્રાથમિક સમજણ પૂરી પાડવાનો હતો. તાલીમના પાંચ દિવસ દરમ્યાન તજજ્ઞો દ્વારા ગુજરાત રાજ્યના ઉદ્યોગ પર્યાવરણ, સ્ટાર્ટઅપ સંસ્કૃતિ, સરકારની સહાયકારી નીતિઓ, ઉપલબ્ધ સંશાધનો, બજાર વિશ્લેષણ, ગ્રાહક જરૂરિયાતોનું મૂલ્યાંકન, વ્યવસાય પસંદગીના માપદંડો, અસરકારક વ્યવસાયિક ગુણો અને વ્યુહ રચનાઓ જેવા વિષયોને આવરી લઇ માહિતીસભર, જ્ઞાનવર્ધક ઉદ્યોગ સાહસિકતા ક્ષેત્રની સમજણ વિદ્યાર્થીઓને આપવામાં આવી હતી.



❊ શ્રી કે. આર કટારા આર્ટ્સ કૉલેજ, શામળાજી ખાતે ઉદિશા પ્લેસમેન્ટ સેલ તેમજ મહિન્દ્રા કોટક અને નંદી ફાઉન્ડેશન અંતર્ગત ત્રણ દિવસીય ટ્રેનિંગનું આયોજન તા. ૧૬ થી ૧૮ ફેબ્રુઆરી, ૨૦૨૬ દરમિયાન કરવામાં આવ્યું હતું. જેમાં બી.એ. સેમ-૬ની વિદ્યાર્થિનીઓએ રોજગારલક્ષી માર્ગદર્શન અને આ તાલીમ અંતર્ગત 'હું અજોડ છું', 'પ્રોફેશનલ વિકાસ અને બોડી લેન્ગવેજ', 'કરિયર માટે અંગ્રેજી ભાષાની ઉપયોગિતા', 'જોબ માટેની તકો', 'ઇન્ટરવ્યુ કૌશલ્ય', 'ગ્રુપ ચર્ચા', 'પ્રોફેશન એથીક્સ', 'અસરકારક રજૂઆત' વગેરે વિષયો પર ત્રણ દિવસ દરમ્યાન નવ સેશન અને અઢાર કલાક તાલીમ યોજાઈ હતી.

## પ્રવાસ



❊ શ્રીમતી આનંદીબેન શંકરભાઈ ચૌધરી મહિલા આર્ટસ એન્ડ હોમ સાયન્સ કૉલેજ, મહેસાણા દ્વારા ઐતિહાસિક અને ધાર્મિક સ્થળો જેવા કે દ્વારકા, સોમનાથ, સાસણગીર, ખોડલધામનો ત્રિદિવસીય શૈક્ષણિક પ્રવાસ યોજાયો હતો. આ શૈક્ષણિક પ્રવાસમાં કૉલેજની ૧૦૩ વિદ્યાર્થિનીઓ સાથે ઇતિહાસ વિભાગના પ્રા. જ્યોતિબેન ચૌધરી દ્વારા આ પ્રવાસનુ આયોજન કરવામાં આવ્યું હતું.



❊ મણિબેન એમ.પી. શાહ મહિલા આર્ટ્સ કૉલેજ, કડીના પ્રિ.ડૉ. હીનાબેન પટેલના માર્ગદર્શન હેઠળ તા. ૧૩-૨-૨૦૨૬ના રોજ પાટણ ખાતે શૈક્ષણિક પ્રવાસનું આયોજન કરવામાં આવ્યું હતું. જેમાં પાટણ ખાતે એમ.કે. યુનિવર્સિટીમાં યોજાયેલ આંતરરાષ્ટ્રીય સેમિનારમાં ભાગ લીધો હતો ત્યારબાદ પાટણ ખાતે આવેલ 'રાણી કી વાવ', 'સહસ્ત્રલિંગ તળાવ' તેમજ હેમચંદ્રાચાર્ય ઉત્તર ગુજરાત યુનિવર્સિટીની મુલાકાત કરવામાં આવી હતી. કૉલેજના આ પ્રવાસમાં ૪૧ વિદ્યાર્થિનીઓ સહિત પ્રા. જિતેન્દ્રસિંહ વિહોલ, ડૉ. વિશાલભાઈ પરમાર, ડૉ. હસમુખભાઈ સોલંકી, શ્રી નરેન્દ્રભાઈ મહેતા, પ્રા. સનોબરબેન શેખ અને પ્રા. ખુશ્બુબેન નાયક જોડાયા હતા.

## મુલાકાત



રેવાબા સાર્વજનિક એજ્યુકેશન કૉલેજ, મહેસાણા દ્વારા સામાજિક ઉત્તરદાયિત્વના ભાગરૂપે સ્થાનિક સ્નેહકૂટીર વૃદ્ધાશ્રમની ભાવભરી મુલાકાત લેવામાં આવી હતી. આ મુલાકાતનો મુખ્ય ઉદ્દેશ્ય એકલવાયું જીવન જીવતા વડીલોને હૂંફ આપવી અને તેમની સાથે સમય વિતાવી તેમના ચહેરા પર સ્મિત લાવવાનો હતો. મુલાકાત દરમિયાન સંસ્થાના સભ્યો દ્વારા વડીલો સાથે આત્મીય સંવાદ કરવામાં આવ્યો હતો. વડીલોએ પોતાના જીવનના અનુભવો અને જૂની યાદો કાર્યકર્તાઓ સાથે વહેંચી હતી. આ પ્રસંગે વડીલોના મનોરંજન માટે ભજન, સંગીત અને સાંસ્કૃતિક કાર્યક્રમોનું પણ આયોજન કરવામાં આવ્યું હતું, જેમાં વડીલોએ ઉત્સાહપૂર્વક ભાગ લીધો હતો. પ્રિ.ડૉ. શાંતાબેન પટેલે જણાવ્યું હતું કે 'વડીલો એ આપણો જીવંત વારસો છે. આજના ભાગદોડભર્યા યુગમાં તેમને ભૌતિક સુખ-સુવિધા કરતા વધુ પ્રેમ અને સન્માનની જરૂર હોય છે. તેમની સાથે વિતાવેલી થોડી ક્ષણો પણ તેમને નવું જીવન આપે છે.'



❊ શ્રી વી.આર. પટેલ કૉલેજ ઓફ કોમર્સ, મહેસાણા દ્વારા બી.કોમના વિદ્યાર્થીઓ માટે પ્રિ.ડૉ. જે.કે, પટેલના માર્ગદર્શન હેઠળ કવચ કેન્દ્ર સાયબર સિક્યુરિટી અંતર્ગત KCG અને i-Hub અમદાવાદની મુલાકાતનું આયોજન કરવામાં આવ્યું હતું. મિતુલભાઈ દ્વારા સાયબર હાઈજિન વિષે અને ડૉ. અર્ચનાબેન OSD,KCG દ્વારા વિદ્યાર્થીઓને સાયબર સિક્યુરિટી અવેરનેસ અંગે માર્ગદર્શન આપવામાં આવ્યું હતું.



❊ શ્રી કે.આર. કટારા આર્ટ્સ કૉલેજ, શામળાજીમાં પ્રિ.ડૉ. એ. કે. પટેલના માર્ગદર્શન હેઠળ અર્થશાસ્ત્ર વિભાગમાં 'વ્હીલ્સ ગ્લોબલ ફાઉન્ડેશન' અને 'છાંયડો' શામળાજી ખાતે ગૃહઉદ્યોગ વિઝીટ કરવામાં આવી હતી. છાંયડો અને મેશ્વો ગૃહઉદ્યોગના ટ્રસ્ટી નરેશભાઈ કટારાએ વિદ્યાર્થીઓને નેચરલ જંગલની પેદાશમાંથી વિવિધ પ્રોટીનયુક્ત વસ્તુ જેવી કે સાબુ, મહુડાના લાડુ, હળદર, સૂંઠ તેમજ લીમડાનું તેલ, એલોવેરા જેલ જેવી ઉત્પાદિત વસ્તુઓનુ મહત્ત્વ વિષે જણાવ્યું હતું. બાદમાં વ્હીલ્સ ગ્લોબલ ફાઉન્ડેશનના મેનેજરે આજુબાજુના જંગલોમાં રહેલી કુદરતી સંપત્તિનો ઉપયોગ કરી તેમાંથી કઈ રીતે આર્થિક સક્ષમ બની શકાય તેવી બાબત વિદ્યાર્થીઓને સમજાવી હતી. અર્થશાસ્ત્ર વિષયના પ્રો. ડૉ. સોનલ પંડ્યાએ વિદ્યાર્થીઓને ગૃહ ઉદ્યોગનું મહત્ત્વ અને તેની નેચરલી પ્રોડકટનો ઉપયોગ કરવો જોઈએ તેવી વાત કહી હતી. ડૉ. દીપિકા ઢુસાએ સમગ્ર કૉલેજવતી વ્હીલ્સ ગ્લોબલ ફાઉન્ડેશનના મેનેજર અને છાંયડો ગૃહ ઉદ્યોગના ટ્રસ્ટી નરેશભાઈ, આયુષભાઈ અને તમામ સભ્યોનો હૃદય પૂર્વક આભાર વ્યક્ત કર્યો હતો.



❊ શ્રીમતી આનંદીબેન શંકરભાઈ ચૌધરી મહિલા આર્ટસ એન્ડ હોમ સાયન્સ કૉલેજ, મહેસાણામાં કવચ કેન્દ્ર યોજના અંતર્ગત રાષ્ટ્રીય રક્ષા યુનિવર્સિટી ગાંધીનગરની મુલાકાત યોજાઈ હતી. રાષ્ટ્રીય રક્ષા યુનિવર્સિટીમાં સદર કૉલેજની વિદ્યાર્થિનીઓ માટે 'સાયબર ક્રાઈમ નિવારણ અને સાયબર સુરક્ષા જાગૃતિ' અંગે એક દિવસીય વર્કશોપનું આયોજન કરવામાં આવ્યું હતું. જેમાં વિવિધ સેશન દરમિયાન સાયબર ક્રાઈમ શું છે? તેની વિગતવાર સમજ આપવામાં આવી ફેક ઈમેલ, ફેક ફોન કોલ, instagram આઈડી તેમજ Financial Fraud Awareness in Digital Era સંદર્ભે Juice Jacking, Pondicherry Scam, Romance Scam, Honey Trap, Fake NGO Scam, Money Laundering and Money Mules વગેરેની સમજ દ્વારા સાયબર ક્રાઈમ સંદર્ભે જાગૃતિ લાવવાનો પ્રયત્ન કરવામાં આવ્યો હતો.



❊ શ્રી કે.આર. કટારા આર્ટસ કૉલેજ, શામળાજીના ઈતિહાસ વિભાગના વિદ્યાર્થીઓ દ્વારા શામળાજી મ્યુઝિયમની ફિલ્ડ વર્ક અંતર્ગત મુલાકાત કરવામાં આવી હતી. મુલાકાત દરમ્યાન વિદ્યાર્થીઓએ પ્રાચીન સમયની બુદ્ધની મૂર્તિઓ, પ્રાચીન સમયના કોઠારો, પ્રાચીન સમયના અલંકારો અને પહેરવેશોની જાણકારી મેળવી હતી. પ્રિ.ડૉ. એ.કે. પટેલના માર્ગદર્શન હેઠળ ઈતિહાસના પ્રા.રિદ્ધિબેન પાંડોરે અને પ્રા.રણજીતભાઈ રોજડે આયોજન કર્યું હતું.



❊ શ્રી ત્રિકમજીભાઈ ચતવાણી આર્ટ્સ એન્ડ જે.વી. ગોકળ ટ્રસ્ટ કોમર્સ કૉલેજ, રાધનપુર ઈનોવેશન કલબ દ્વારા તા.૩૧–૧–૨૦૨૬ ના રોજ પ્રિ.ડૉ.સી.એમ.ઠક્કરના માર્ગદર્શન હેઠળ ૫ અધ્યાપકો અને ૪૦ વિદ્યાર્થીઓ સાથે ૧ દિવસની ફિલ્ડ વિઝીટનું આયોજન કરવામાં આવ્યું હતું. આ વિઝીટ દરમિયાન વિદ્યાર્થીઓને સિધ્ધપુર સ્થિત ગોકુલ એગ્રી ઈન્ટરનેશનલ લિમિટેડ અને મકત્બાહ જાફરીયાહ ટ્રેડ ફેર – ૨૦૨૬, સેદ્રાણા મુકામે ઈનોવેશન કલબ અંતર્ગત કો–ઓર્ડીનેટર ડૉ.બલાભાઈ રબારી અને પ્રા. રાહુલભાઈ પરમારના નેજા હેઠળ એક્ષ્પોસર અને ફિલ્ડ વિઝીટ કરવામાં આવી. વિદ્યાર્થીઓના વ્યવહારિક જ્ઞાનમાં વધારો થાય તથા ઉદ્યોગ અને વ્યવસાય ક્ષેત્રની વાસ્તવિક સમજ વિકસે તે હેતુથી તાજેતરમાં એક શૈક્ષણિક ફિલ્ડ વિઝિટ અંતર્ગત પ્રથમ મુલાકાત ગોકુલ એગ્રી ઈન્ટરનેશનલ લિ. (તેલ ઉદ્યોગ), સિદ્ધપુર ખાતે લેવામાં આવી હતી. આ મુલાકાત દરમિયાન વિદ્યાર્થીઓને તેલ ઉદ્યોગની કાર્યપદ્ધતિ, આધુનિક મશીનરી, ઉત્પાદન પ્રક્રિયા, ગુણવત્તા નિયંત્રણ તેમજ નવીન ઉત્પાદનો અંગે વિસ્તૃત માહિતી આપવામાં આવી હતી. વિદ્યાર્થીઓએ સેદ્રાણા ખાતે યોજાયેલ ટ્રેડ ફેરની મુલાકાત લીધી. આ ટ્રેડ ફેરમાં આજુબાજુના અનેક વેપારી ગૃહોના સ્ટોલ્સ મૂકવામાં આવ્યા હતા. જ્યાં વિવિધ નવા વ્યવસાયિક વિચાર, ઉત્પાદનો અને સેવાઓનું પ્રદર્શન કરવામાં આવ્યું હતું. તેમજ વિવિધ વ્યવસાય મોડલ્સ જોઈને વિદ્યાર્થીઓમાં ઉદ્યોગસાહસિક બનવાની ભાવના વિકસિત થઈ અને વ્યવસાય ક્ષેત્ર પ્રત્યે વિશેષ રસ જાગ્યો.

## વ્યાખ્યાન




✻ મણિબેન એમ.પી. શાહ મહિલા આર્ટ્સ કૉલેજ, કડી ખાતે સાયબર સુરક્ષા જાગૃતિ કાર્યક્રમ અંતર્ગત "Cybercrime Awareness, Online Safety Measures and Cyber Laws for Students" વિષય પર વિશેષ નિષ્ણાત વ્યાખ્યાન તા. ૧૯-૨-૨૦૨૬ના રોજ યોજાયું હતું. આ કાર્યક્રમમાં કડી પોલીસ સ્ટેશનના – જલ્પાબેન ગોસ્વામી મુખ્ય વક્તા તરીકે હાજર રહી વિદ્યાર્થીઓને ભારતના સાયબર કાયદા, ખાસ કરીને Information Technology Act અંગે માહિતી આપી અને સાયબર ગુનાનો ભોગ બનતા હોય તો તાત્કાલિક પોલીસ અથવા સાયબર ક્રાઈમ પોર્ટલ પર ફરિયાદ કરવાની પ્રક્રિયા સમજાવી હતી. વિદ્યાર્થિનીઓએ કાર્યક્રમમાં ભાગ લીધો અને દૈનિક જીવનમાં ડિજિટલ પ્લેટફોર્મનો સુરક્ષિત ઉપયોગ કેવી રીતે કરવો તે અંગે ઉપયોગી માહિતી મેળવી હતી.



✻ મણિબેન એમ.પી. શાહ મહિલા આર્ટ્સ કૉલેજ, કડી ખાતે સાયબર સિક્યુરિટી અવેરનેસ કાર્યક્રમ અંતર્ગત નિષ્ણાત વ્યાખ્યાનનું તારીખ ૧૮/૦૨/૨૦૨૬ ના રોજ આયોજન કરવામાં આવ્યું હતું. આ કાર્યક્રમમાં શ્રીમતિ સી.સી.મહિલા આર્ટ્સ એન્ડ શેઠ સી.એન કોમર્સ કૉલેજ, વિસનગરના સાયબર સેલના કો-ઓર્ડીનેટર ડૉ. ધર્મેશભાઈ એન. રાણા મુખ્ય વક્તા તરીકે ઉપસ્થિત રહ્યા હતા. તેમણે પોતાના માર્ગદર્શન દરમિયાન આજના ડિજિટલ યુગમાં વધતા સાયબર ક્રાઈમ, ઓનલાઇન ફ્રોડ, ફિશિંગ, OTP ઠગાઈ, સોશિયલ મીડિયા હેકિંગ અને ડેટા ચોરી જેવી સમસ્યાઓ અંગે વિસ્તૃત માહિતી આપી હતી. તેમણે વિદ્યાર્થીઓને સાયબર હાઈજિન જાળવવાની જરૂરિયાત સમજાવી અને મજબૂત પાસવર્ડ બનાવવાની રીત, બે-સ્ટેપ ઓથેન્ટિકેશનનો ઉપયોગ, શંકાસ્પદ લિંકથી દૂર રહેવું અને વ્યક્તિગત માહિતી શેર કરતી વખતે સાવચેતી રાખવાની બાબતો પર ભાર મૂક્યો હતો. આ વ્યાખ્યાન ખૂબ જ માહિતીસભર અને પ્રેરણાદાયી રહ્યું હતું.



✻ હેમચંદ્રાચાર્ય ઉત્તર ગુજરાત યુનિવર્સિટી પાટણ અને શ્રી કે. આર. કટારા આર્ટસ કૉલેજ શામળાજીના સંયુક્ત ઉપક્રમે IUINDRRNIDMના પ્રોગ્રામના આરંભમાં પ્રોગ્રામ ઇન્ચાર્જ ડૉ.પી. એસ. પનેસરે NIDM ભારત સરકાર આંતરિક મંત્રાલય હેઠળ ચાલતી મુખ્ય સંસ્થાનો પરિચય આપ્યો હતો અને આપત્તિ વ્યવસ્થાપનની વ્યાખ્યા આપી તેના વિશે માહિતી આપી હતી. આ કાર્યક્રમના મુખ્ય વક્તાપદે ઉપસ્થિત ડૉ. સમીર પટેલે કુદરતી આપત્તિ વ્યવસ્થાપનની વ્યાખ્યા આપી વિસ્તૃત માહિતી આપતાં કુદરતી આપત્તિ વ્યવસ્થાપનના મુખ્ય પાસાઓમાં આપત્તિ પૂર્વે, આપત્તિ દરમિયાન અને આપત્તિ બાદ રિકવરી એન્ડ રિકન્સ્ટ્રક્શન, મુખ્ય કુદરતી આપત્તિઓની માહિતી, વ્યવસ્થાપન સંસ્થાઓ, સ્થાનિક સ્તર, ગ્રામ્ય, શહેર આપત્તિ વ્યવસ્થાપન સમિતિઓ, ભૂસ્ખલન, સુનામી, ભૂકંપ, ચક્રવાત, વગેરે કુદરતી આપત્તિઓના નિવારણ માટેની જુદી જુદી પદ્ધતિઓ વિશે વિસ્તૃત માહિતી આપી વિદ્યાર્થીઓને માહિતગાર કર્યા હતા.

## સબરસ

શિક્ષક : બોલો બાળકો, પક્ષીઓની નજર તેજ હોય છે કે માનવીની?
ચંગુ : સાહેબ, પક્ષીઓની.
શિક્ષક : એ કઈ રીતે? જણાય તો.
ચંગુ : મેં આજ સુધી ક્યારેય કોઈ પક્ષીને ચશ્માંમાં નથી જોયા.


HNGU
HEMCHANDRACHARYA NORTH GUJARAT UNIVERSITY, PATAN

Hemchandracharya North Gujarat University, Patan
P.B.21, University Road, Patan - 384265 • Phone : +91 2766 237000, 220932, 230529 • Visit us at : www.ngu.ac.in • Email : udichyahngu@gmail.com

**Editor : Dr. Rajanikant Patel** (University Librarian)
Published by : **Dr. R.N. Desai**, Registrar, H.N.G.U., Patan.
Printed by : **Vinod Printery,** Nr. Three Gate, **Patan.** • Mo. 9898576011
R.N.I. No. 48820/90, Valid up to 31-12-2026, Posting Reg. No. PATAN/008/2024-26, Office of Posting: PATAN H.P.O
વ્યક્તિગત વાર્ષિક લવાજમ રૂ. ૨૦૦/- કૉલેજનું વાર્ષિક લવાજમ રૂ. ૬૦૦/-